**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૨/૦૩/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૫/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૨૭ લીટર દેશી દારૂ, ૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮ બિયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૮૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૭/૧૫</u>**

**ઓઢવ :** મહેન્દ્રભાઇ સોમચંદભાઇ સોલંકી (રહે.પરીશ્રમ એપાર્ટમેન્ટ, જય શેફાલી રો હાઉસ પાસે, સેટેલાઇટ)એ તા.૧૧/૩/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૦/૨૦૧૩ થી તા.૨૬/૮/૨૦૧૪ નાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) ધર્મેન્દ્ર ગેલાભાઇ કોર (૨) મીના ધર્મેન્દ્રભાઇ કોર (બંને રહે.પત્રકાર કોલોની, વિજયનગર સ્કુલની સામે, નારણપુરા) (૩) હિતેશ શાહ (રહે.સુખશાંતિ એપાર્ટમેન્ટ, જૈનનગર, પાલડી) (૪) દિનેશભાઇ ભુપતભાઇ કાતરીયા (રહે.ગામઃ ભાદ્રોડા તા.મહુવા જી.ભાવનગર) એ ભેગામળી મહેન્દ્રભાઇને વિશ્વાસમાં લઇ, પાણીના પ્લાન્ટનાં ધંધામાં કુલ રૂપિયા ૧,૨૦,૦૦,૦૦૦/- નું રોકાણ કરાવડાવી, તે પેટે મહેન્દ્રભાઇને કોઇ પ્રકારનો લાભ નહીં આપી, તેમજ મહેન્દ્રભાઇને જુની મશીનરી આપતાં, ઉત્પાદન નહીં થતાં, જુની મશીનરીને ખોટી સહીઓ કરી વેચી મારી મહેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**ચાંદખેડા :** રમેશચંદ્ર રામસુચિત સરોજ (રહે.ધનવિહાર રેસીડન્સી, ન્યુ સી.જી.રોડ પાછળ, ચાંદખેડા) એ તા.૧૦/૦૩/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૧૩ નારોજ આરોપી હરવિંદરસિંગ જે.વીરધી (રહે.અક્ષરપાર્ક, રાધે પાર્ટી પ્લોટની સામે, ન્યુ રાણીપ)એ બેંક ઓફ બરોડાની ચાંદખેડા શાખામાંથી મોરગેજ મિલ્કત ઉપર કુલ રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- ની લોન લઇ, મિલ્કત ઉપર કોઇ અગાઉ કોઇ લોન લીધેલ ન હોવાનું ખોટુ ડેકલેરેશન આપી, બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**<u>ચોરી :</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૮/૧૫</u>**

**શહેરકોટડા :** રાકેશભાઇ ઠાકોરભાઇ શાહ (રહે.નીલકમલ સોસાયટી, રાજકમલ બેકરી પાસે, ભૈરવનાથ રોડ, મણીનગર) એ તા.૧૧/૩/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એકાદ માસ પહેલાથી તા.૧૦/૩/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કિશભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી)(૨) લક્ષ્મણસિંહ હજારીસિંહ (૩) મહેન્દ્રભાઇ શંકરભાઇ પટેલ (રહે.કૈલાશપાર્ક, હિરાવાડી રોડ, મહાવીરનગર રોડ, સૈજપુર) (૪) હેમાંગ અશોકભાઇ પટેલ (રહે.રચના સોસાયટી, મણીનગર) (૫) આર.એસ.શર્મા ટ્રાંસપોર્ટના માલિક સંતોષભાઇ શર્મા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) નાઓ ભેગામળી નરોડા રોડ ઉપર આવેલ અશોક મીલનાં ગોડાઉનમાંથી કુલ ૩૦ કાપડનાં રોલ કિંમત રૂપિયા ૮,૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.ડીંડોર ચલાવે છે.

**ચેઇન સ્નેચીંગ :-** **સમાચાર યાદી નં.૫૦૯/૧૫**

**ઘાટલોડીયા :** હેમાબેન મુકેશભાઇ જોષી (ઉ.વ.૫૨)(રહે.અલ્કાપુરી સોસાયટી, કર્મચારી સોસાયટીની બાજુમાં, કર્મચારી ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા) તા.૧૧/૩/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) હેમાબહેનનાં ગળામાંથી સોનાની પેડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હેમાબહેન જોષીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એ.આર ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૦/૧૫</u>**

**મેઘાણીનગર :** સીમાબહેન બેતલસિંગ કુશવાહ (ઉ.વ.૧૮) (રહે.ખાડાવાળી ચાલી, કલાપીનગર, મેઘાણીનગર) એ કોઇ કારણસર તા.૦૯/૩/૧૫ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉંદર મારવાની દવા પી લેતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૩/૧૫ નાં કલાક ૫/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ છે. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.એમ.નાડિયા ચલાવે છે.

**એલીસબ્રીજ :** પરેશભાઇ ગોવિંદભાઇ ભાદરકા (ઉ.વ.૧૯)(રહે.જેઠાલાલની ચાલી, પરીક્ષીતલાલ નગર સામે, બહેરામપુરા) એ કોઇ કારણસર તા.૧૧/૩/૧૫ બપોરનાં ૪/૩૫ વાગ્યાના સુમારે જમાલપુર ફુલ બજારની પાસે, સરદારબ્રીજ નીચે રીવરફ્રન્ટ પાસે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ મસઇશ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે

**ચાંદખેડા :** મોહનભા દિપાજી મારવાડી (ઉ.વ.૬૦)(રહે.રામદેવનગર, વેલજીભાઇનો કુવો, મોટેરા) એ કોઇ કારણસર તા.૧૧/૩/૧૫ બપોરનાં ૧/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે છતની પાઇપમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતીભાઇ નાઓ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.